MGVCL
An ISO 9001:2008 Certified Company

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,
મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,
પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.
સમક્ષ
કેસ નં. એમ.જી.-IV-૧૦૮-૨૦૧૪-૧૫

અરજદાર: શ્રી ડાહ્યાભાઈ માવાભાઇ પરમાર,
૭૩,નવદીપ હાઉસીંગ સોસાયટી,કોલેજ રોડ, કપડવંજ.

રજુઆત કરનાર: અરજદાર : શ્રી ડાહ્યાભાઈ માવાભાઇ પરમાર,
શ્રી ગુણવંતભાઈ હીરાભાઇ પરમાર,

સામાવાળા: નાયબ ઇજનેરશ્રી,
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
કપડવંજ(આરઇસી).

રજુઆત કરનાર: શ્રી આર.એમ.પટેલ, નાયબ ઇજનેર, એમજીવીસીએલ, કપડવંજ(આરઇસી).સબડીવીઝન કચેરી.

ફરિયાદીની તા ૨૮.૧.૨૦૧૫ ની ડાર્કઝોન યોજના અંતર્ગત ખેતીવિષયક વીજકનેકશન મેળવવા માટેની અરજી.

તા ૬.૨.૨૦૧૫ ના રોજ ફરિયાદીની ફરીયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી તરફે તેઓ જાતે તથા શ્રી ગુણવંતભાઈ હીરાભાઇ પરમાર, તે હીરાભાઇ એમ.પરમાર ના પુત્ર સાથે હાજર રહયા. સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી આર.એમ.પટેલ, નાયબ ઇજનેર, એમજીવીસીએલ, કપડવંજ (આરઇસી).સબ ડીવીઝન ના હાજર રહયા.

ફરિયાદીની ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટેની અરજી.
ફરીયાદ ની ફરીયાદ ની ટુંકમાં વિગત એવી છે કે:

ફરીયાદી એસસી/બક્ષીપંચ ના ખેડૂત છે. ખેતીમાં ઘણો ખર્ચ થાય છે પણ આવક થતી નથી રાત્રે પશુ વગેરે નુકશાન કરે છે પૈસાની આવક થતી નથી. સુક્ષ્મ પિયત પદ્ધતિ હોય તો વધુ ખર્ચ કરી વાડ વગેરે કરી ધાર્યું ઉત્પાદન કરી શકાય. ફરીયાદીની આર્થિક સ્થિતી નબળી છે તે ધ્યાને લઇ તેઓને ૯૦% સબસીડી ના સ્કીમમાં લાભ આપી વીજ કનેકશન આપવા વિનંતી છે.

ફરીયાદી તરફે તેઓએ જાતે હાજર રહી જણાવ્યું કે અમો ગરીબ બક્ષીપંચ ના ખેડુત છીએ. અમોને ૯૦% સબસીડી ની સ્કીમ માં વીજકનેકશન અપાવવા વિનંતી કરેલ.

સામાવાળા તરફે શ્રી આર.એમ.પટેલ, નાયબ ઇજનેર, કપડવંજ (આરઇસી).સબ ડીવીઝન કચેરી ના હાજર રહયા. તેઓએ જણાવ્યું કે ફરીયાદીએ તેઓના ગામ કપડવંજ મુકામે રે.સર્વે નં.૧૦૮૧/૫ માટે વીજકનેકશનની માંગણી તા. ૧૨.૦૭.૧૯૯૬ ના રોજ કરેલ. તેઓના જીપી નં.વર્ષ ૩૨/૧૯૯૬ હતો. તા.૭.૧૦.૨૦૧૩ ના રોજ સર્વે કરવામાં આવેલ. જેમાં બધુ બરાબર જણાયેલ. તેથી KPJ/ 3432 તા.૬.૮.૧૨ ના રોજ કેસ પેપર્સ જીજીઆરસી ને મોકલેલ. જીજીઆરસી નો રજી નં.કેએચ-૪૨૫૧ હતો. ગુજરાત ગ્રીન રીવોલ્યુશન દ્વારા ૧૮૦ દિવસની ટાઇમ લીમીટ આપવામાં આવેલ. પરંતુ અરજદારે ૧૮૦ દિવસ દરમ્યાન એમ.આઇ.એસ/ડ્રીપ ઇરિગેશન માટે કોઇ કાર્યવાહી કરેલ નહીં. તેથી જીજીઆરસી દ્વારા ઓટો કેન્સલમાં ફરીયાદી ની અરજી પત્ર ક્રમાંક નં. KRC /૧૨૮ થી તા.૪.૧.૧૪ ના રોજ રદ કરવામાં આવેલ.

MGVCL
An ISO 9001:2008 Certified Company

ત્યારબાદ કપડવંજ સબડીવીઝન મારફત ફરીયાદીને ૭ દિવસની નોટીસ પત્ર ક્રમાંક નં. KPJ 100 થી તા.૧૧.૩.૧૪ ના રોજ આપવામાં આવેલ. ફરીયાદીએ તા.૧૮.૩.૧૪ ના રોજ પત્ર લખી એમઆઇએસ કરવા સહમતી દર્શાવેલ. જેથી ફરીયાદીની અરજી ફરીથી તા.૩૧.૫.૨૦૧૪ ના રોજ જીજીઆરસી ને મોકલવામાં આવેલ જેનો પત્ર ક્રમાંક નં. ૧૮૬૮ હતો. પરંતુ ફરીયાદી તરફે એમઆઇએસ કરવાની કોઇ કાર્યવાહી કરવામા આવેલ નહીં જેથી ક્રમાંક નં. ૪૨૯૩ તા.૨૬.૧૨.૧૪ ના રોજ અરજી રદ કરવામાં આવેલ જે પત્ર ફરીયાદીને આરપીએડી મોકલવામાં આવેલ તેની રસીદ સામાવાળા તરફે ફોરમમાં રજુ કરવામાં આવેલ છે.

સુનવણી દરમ્યાન ફોરમના સભ્યો હાજર રહયા બન્ને પક્ષકારો ને સાંભળ્યા તથા બન્ને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ની ચકાસણી કરી. બન્ને પક્ષકારોને સાંભળી અને રજુ કરેલ દસ્તાવેજોની ચકાસણી કરી ફોરમના સભ્યો એ નિર્ણય ઉપર આવ્યા કે ફરીયાદી ને નિયમ મુજબ ડાર્કઝોન યોજના અંતર્ગત વીજજોડાણ મળે તે માટે તેઓએ એમઆઇએસ અપનાવવા સંમતી આપેલ હોવા છતાં તેઓએ જીજીઆરસી દ્વારા આપવામાં આવેલ મુદતમાં એમઆઇએસ માટે કોઇ કાર્યવાહી ન કરેલ હોવાથી તેઓની અરજી જીજીઆરસી મારફત રદ કરવામાં આવેલ. તેમ છતાં તેઓને એક વધુ તક આપવાના ભાગરૂપે ફરીથી નોટીસ આપવામાં આવેલ. જેમાં ફરીયાદીએ સંમતી આપેલ ત્યારબાદ પણ છ માસનો સમય વીતવા છતા ફરીયાદી એ એમઆઇએસ માટે કોઇ કાર્યવાહી કરેલ ન હોવાથી સામાવાળા એમજીવીસીએલ ના એ ફરીયાદી ની અરજ રદ કરેલ છે, જે ન્યાયોચિત છે તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ફરિયાદી શ્રી ડાહયાભાઈ માવાભાઇ વણકર, રહે.વડાલી, કપડવંજ ના ને હુકમ કરવામાં આવે છે કે એમજીવીસીએલ ના એ તેઓના ડાર્કઝોન યોજના અંતર્ગત ખેતીવાડી વીજજોડાણ મેળવવાની અરજી બાબતે અરજ રદ કરવાનો કરેલ નિર્ણય યોગ્ય અને બરાબર છે.

| | | |
|---|---|---|
| (એ.જી.શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજૂઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજૂઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ